શૈક્ષણિક કર્મચારીઓએ પશ્ચાદવર્તી અસરથી
સ્વૈચ્છિક નિવૃત્તિ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંકઃ બમશ/૧૦૧૪/૬૫૧ / છ,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૦૫/૦૩ /૨૦૧૫

પ રિ પ ત્રઃ-

કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા શૈક્ષણિક કર્મચારીઓને પશ્ચાદવર્તી અસરથી સ્વૈચ્છિક નિવૃત્તિ મંજુર કરવાની ઘણી દરખાસ્તો વિભાગ સમક્ષ રજુ કરવામાં આવે છે. શૈક્ષણિક કર્મચારીઓની ચાલુ સત્રમાં આ રીતે અચાનક સ્વૈચ્છિક નિવૃત્તિ મંજુર કરવાને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ શિક્ષણ કાર્યને અસર થવા સંભવ છે. સંસ્થાના સંચાલક મંડળ દ્વારા સામાન્ય સંજોગોમાં નિયત મુદતની નોટીસ સિવાય સ્વૈચ્છિક નિવૃત્તિ મંજુર કરવામાં આવે તે ઉચીત જણાતું નથી. સંચાલક મંડળના આ પ્રકારના નિર્ણયોને કારણે પશ્ચાદવર્તી અસરથી મંજુરીના અને પેન્શનપાત્ર સેવા હોવા અંગેના પ્રમાણપત્ર મેળવવાના પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે. અને પેન્શન મંજુરીમાં વિલંબ થાય છે. પરિણામે બિન-જરૂરી કોર્ટ કેસો ઉભા થાય છે. જે વિગતો લક્ષમાં લેતાં અનુદાનિત શાળાઓ/કોલેજો/સંસ્થાઓને લાગુ પડતાં નિયમોને આધિન જરૂરી વિચારણા કરી, નોટીસ પિરીયડની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા અને માત્ર અનિવાર્ય કારણોસર અને અપવાદરૂપ કિસ્સાઓમાં જ નોટીસ પિરીયડ જતો કરવા અને પશ્ચાદવર્તી અસરથી સ્વૈચ્છિક નિવૃત્તિ મંજુર કરવાની દરખાસ્તો ચકાસણી કરીને સરકારશ્રીને નાણાં વિભાગની અનુમિત અર્થે રજુ કરવામાં આવે તે બાબતે સંબંધિતોને જાણ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હકમથી અને તેમના નામે,

(એમ. બી. શાહ) 5/3/15
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર તરફ સુચનાઓ પરિપત્રિત કરવા (સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને અમલ કરવા સારૂ.)
- સર્વે શાખાઓ. શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી/સિલેકટ ફાઇલ.